(1) 'બ્લુ ફ્લેગ પ્રોગ્રામ'ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ પ્રોગ્રામ 'ફાઉન્ડેશન ફોર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન' દ્વારા લાગુ કરવામાં આવી રહ્યો છે.

(2) ઓડિશાના કોણાર્ક તટ પર 'ચંદ્રભાગા સાગર બીચ'' બ્લુ ફ્લેગ સર્ટિફિકેશન પ્રક્રિયા પૂર્ણ કરનાર ભારતનું પ્રથમ શહેર છે.

(3) તાજેતરમાં ભારત દ્વારા અન્ય 8 સમુદ્રતટ (બીચ)ની ભલામણ સર્ટિફિકેશન માટે કરવામાં આવી છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ આંતરરાષ્ટ્રીય દરમિયાકાંઠા સ્વચ્છતા દિવસની પૂર્વસંધ્યાએ પ્રથમ વખત, ભારતના આઠ દરિયાકિનારાની પ્રતિષ્ઠિત 'આંતરરાષ્ટ્રીય ઈકો લેબલ બ્લુ ફ્લેગ સર્ટિફિકેટ' માટે ભલામણ કરવામાં આવી છે.

⇛ 'આંતરરાષ્ટ્રીય ઈકો લેબલ બ્લુ ફ્લેગ સર્ટિફિકેટ' માટે ભલામણ કરાયેલ આઠ સમુદ્રતટો વિશે :

(1) શિવરાજપુર બીચ, દમણ (2) ઘોઘલા બીચ, દીવ
(3) કાસરગોડ બીચ (4) પદુબિરદી બીચ, કર્ણાટક
(5) કપ્પડ બીચ, કેરળ (6) રુષીકોંડા બીચ, આંધ્રપ્રદેશ
(7) ગોલ્ડ બીચન, ઓડિશા (8) રાધનગર બીચ, અંદમાન અને નિકોબાર

બ્લુ ફ્લેગ પ્રોગ્રામ વિશે :

⇛ આંતરરાષ્ટ્રીય, બિન–સરકારી, બિન–લાભકારી સંસ્થા 'ફાઉન્ડેશન ફોર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન' (FEE) દ્વારા દરિયાકિનારા અને મરીના માટે 'બ્લુ ફ્લેગ પ્રોગ્રામ' લાગુ કરવામાં આવી રહયો છે.

⇛ આ કાર્યક્રમ વર્ષ 1985માં ફ્રાન્સમાં શરૂ કરવામાં આવ્યો હતો અને વર્ષ 1987થી યુરોપમાં લાગુ કરવામાં આવ્યો હતો.

⇛ વર્ષ 2001થી, દક્ષિણ આફ્રિકા આ કાર્યક્રમમાં સામેલ થયું અને તેમાં ભાગ લેનાર યુરોપ બહારનો પ્રથમ દેશ છે.

⇛ 'બ્લુ ફ્લેગ' સર્ટિફિકેટ માટે 13 પ્રમુખ સમુદ્ર કિનારાની ભારતમાં ઓળખ કરવામાં આવી છે.

⇛ ઓડિશાના કોણાર્ક તટ પર 'ચંદ્રભાગા સાગર બીચ' બ્લુ ફ્લેગ સર્ટિફિકેશન પ્રક્રિયા પૂર્ણ કરનાર ભારતનું પ્રથમ શહેર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) અનુચ્છેદ 254(2)ના સંદર્ભે નીચેનામાંથી કયું(યા) વિધાન(નો) સાચુ(ચાં) છે ?

(1) આ અનુચ્છેદ કેન્દ્રયાદી અને રાજ્યયાદી વચ્ચે કાયદાના વિરોધાભાસના કિસ્સામાં લાગુ પડે છે.

(2) અનુચ્છેદ મુજબ કાયદાના વિરોધાભાસની સ્થિતિમાં જો રાજ્યના કાયદાને રાષ્ટ્રપતિની મંજુરી પ્રાપ્ત થાય તો રાજ્ય વિધાનમંડળનો કાયદો માન્ય રહેશે.

(3) રાષ્ટ્રપતિને આવા કાયદાઓ પર મંજુરી આપવી ફરજિયાત બનાવવામાં આવી છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ કોંગ્રેસ શાસિત રાજ્યોના વડાઓને સલાહ આપી છે કે તેઓ તેમના સંબંધિત રાજ્યોમાં ભારતીય બંધારણની કલમ 254(2) હેઠળ કેન્દ્ર સરકારના કૃષિ કાયદાયઓ વિરુદ્ધ કાયદાઓ પસાર કરે.

⇒ ભારતના બંધારણની કલમ 254(2) એ એવી સ્થિતિનો સંદર્ભ આપે છે કે જયાં રાજ્યના વિધાનમંડળ દ્વારા કોઈપણ બાબતે સંબંધિત કાયદાની જોગવાઈ, જે સંસદ દ્વારા બનાવેલા કાયદાની જોગવાઈની સમવર્તી સૂચિમાં આવતી હોય અને કેન્દ્રના કાયદાથી વિરુદ્ધ હોય. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ આવા કિસ્સામાં, રાજ્યની વિધાનસભા દ્વારા બનાવેલો કાયદો માન્ય રહેશે, જો તે કાયદાને રાષ્ટ્રપતિના વિચારણા માટે અનામત રાખવામાં આવેલ હોય અને તેને રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરી પ્રાપ્ત થઈ હોય. એવી કોઈ જોગવાઈ કરવામાં આવેલી નથી કે રાષ્ટ્રપતિની વિચારણા હેઠળ રાખવામાં આવેલ કાયદાને મંજુરી આપવી રાષ્ટ્રપતિ માટે ફરજીયાત હોય. (આથી, વિધાન (3) ખોટું છે.)

**(3) અબ્રાહમ એકોર્ડના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ એક સશસ્ત્રીકરણને પ્રોત્સાહન આપતો કરાર છે.

(2) તાજેતરમાં બહેરિન અને સંયુકત આરબ અમીરાત એ ઈઝરાઈલ સાથે અબ્રાહમ એકોર્ડ પર હસ્તાક્ષર કર્યા હતા.

(3) આ પહેલા વર્ષ 1994ની શરૂઆતમાં, ઈઝરાઈલ અને જોર્ડન વચ્ચે આ કરાર કરવામાં આવ્યો હતો.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ અબ્રાહમ એકોર્ડ ઈઝરાઈલ અને આરબ દેશો વચ્ચે છેલ્લા 26 વર્ષોમાં પહેલો શાંતિ કરાર છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેના પહેલા વર્ષ 1994ની શરૂઆતમાં, ઈઝરાઈલ અને જોર્ડન વચ્ચે શાંતિ કરાર કરવામાં આવ્યો હતો.

⇛ અમેરિકા રાષ્ટ્રપતિના જણાવ્યા મુજબ, આ કરાર સમગ્ર આરબ ક્ષેત્રમાં વ્યાપક શાંતિ સંરક્ષણના પાયા તરીકે કામ કરશે જો કે આ કરાર ઈઝરાઈલ–પેલેસ્ટાઈન સંઘર્ષનો કોઈ સંદર્ભ આપતો નથી.

⇛ 13 ઓગસ્ટ 2020ના રોજ ઈઝરાઈલ–યુએઈ શાંતિ કરારની ઘોષણા બાદ 11 સપ્ટેમ્બરના રોજ બહેરીન–ઈઝરાઈલ સમજૂતીની ઘોષણા કરવામાં આવી હતી.

⇛ યુએસ રાષ્ટ્રપતિએ આ કરારમાં જોડાવા માટે અન્ય આરબ દેશોને પણ સંકેતન આપ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) રાજ્યસભાના ઉપસભાપતિના સંદર્ભે નીચેનામાંથી કયા વિધાનો સાચા છે ?**

(1) રાજ્યસભાના ઉપસભાપતિ પદની જોગવાઈ બંધારણના અનુચ્છેદ 89(2) અંતર્ગત કરવામાં આવી છે.
(2) તેમને પદ પરથી દુર કરવાનો પ્રસ્તાવ રાજ્યસભામાં ઓછામાં ઓછા 14 દિવસ અગાઉ નોટીસ આપીને પૂર્ણ બહુમતીથી પસાર કરવો જરૂરી છે.
(3) તેઓ પોતાના પદના શપથ રાજ્યસભાના સભાપતિ પાસેથી લે છે.
(4) તેઓ જ્યારે ગૃહનું સંચાલન કરતા હોય ત્યારે કોઈપણ નિર્ણયમાં પ્રથમ વખતમાં મતદાન કરી શકે નહિ પરંતુ જો બરાબર મતો પડે તો નિર્ણાયક મત આપે છે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ભારતીય બંધારણના અનુચ્છેદ 89(2) મુજબ રાજ્યસભાના સભ્યો જ પોતાનામાંથી કોઈ એક સભ્યને ઉપસભાપતિ તરીકે પસંદ કરે છે.

⇛ જ્યારે રાજ્યસભામાં સભાપતિનું પદ કોઈ કારણોસર ખાલી હોય કે સભાપતિ ગેરહાજર હોય તેવા સંજોગોમાં ઉપસભાપતિ રાજ્યસભાનું સંચાલન કરે છે.

⇛ જ્યારે સભાપતિ રાજ્યસભાનું સંચાલન કરતા હોય ત્યારે ઉપસભાપતિ રાજ્યસભાના સામાન્ય સભ્ય ગણાય છે તેમજ ચર્ચામાં ભાગ લે છે અને મત પણ આપે છે.

⇛ ઉપસભાપતિ જ્યારે ગૃહનું સંચાલન કરતા હોય ત્યારે કોઈપણ નિર્ણયમાં પ્રથમ વખતમાં મતદાન કરી શકે નહિ પરંતુ જો બરાબર મતો પડે તો નિર્ણાયક મત આપે છે.

⇛ રાજ્યસભાના સભ્યો ઉપસભાપતિને પદ પરથી દુર કરી શકે છે, પરંતુ દુર કરવાનો આવો પ્રસ્તાવ રાજ્યસભામાં ઓછામાં ઓછા 14 દિવસ અગાઉ નોટીસ આપીને વાસ્તવિક બહુમતીથી પસાર કરવો જરૂરી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ રાજ્યસભાના ઉપસભાપતિને હોદ્દા કે પદના શપથ લેવાના હોતા નથી કારણ કે તેમણે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધેલા હોય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) અટલ ટનલના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) આ ટનલ એ પીર પંજાબ શ્રેણીમાં સ્થિત છે.

(2) ટનલની લંબાઈ 50 કિમી છે અને તે વિશ્વની સૌથી લાંબી ટનલ છે.

(3) આ ટનલ એ મનાલી અને લેહ વચ્ચેનું અંતર 46 કિમી ઘટાડે છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ 3 ઓક્ટોબર, 2020ના રોજ, ભારતના પ્રધાનમંત્રી દ્વારા વિશ્વની સૌથી વધુ ઊંચાઈવાળી ટનલ ‘અટલ ટનલ’નું ઉદ્દઘાટન કર્યું હતું. તે વિશ્વની સૌથી લાંબી ટનલ છે જે 10,000 ફુટ (3,000 ફુટ)ની ઊંચાઈ પર સ્થિત છે.

⇛ આ ટનલ 9.02 કિમી લાંબી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ ટનલ મનાલી અને લેહ વચ્ચેનું અંતર 46 કિ.મી. ઘટાડે છે.

⇛ આ ટનલ પીર પિંજલ શ્રેણીની નીચે સ્થિત છે. મનાલી ખીણ અને લાહૌલ અને સ્પીતી વેલી વચ્ચેની મુસાફરી કે જે સામાન્ય રીતે પાંચ કલાક લે છે તે હવે ફક્ત 10 મિનિટનો સમય લેશે.

⇛ લદ્દાખમાં સ્થિત સંરક્ષણ સૈનિકો માટે આ ટનલ ખૂબ જ ફાયદાકારક છે. ઉપરાંત, આ ટનલ લાહૌલ અને સ્પીતી વેલીના રહેવાસીઓને ફાયદાકારક છે જેમનો સંપર્ક શિયાળા દરમિયાન દેશના બાકીના ભાગ સાથે રહેતો નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT